વિદ્યાર્થીઓમાં સેવાભાવના ખિલવી રાષ્ટ્રહિતના સંસ્કાર આપતી એનએસએસ

આજે ''એનએસએસ ડે'' છે, આ પ્રસંગે રાષ્ટ્રીય સેવા યોજના સાથે સંકળાયેલ અધિકારીઓ-વિદ્યાર્થીઓના મંતવ્ય

ગાંધીનગર, તા. ૨૩

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન જ્યારે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના અધ્યક્ષ હતા ત્યારે તેમણે ૧૯૫૦ માં સેન્ટ્રલ એડવાઝરી બોર્ડ ઓફ એજ્યુકેશનમાં વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક એકમોમાં ''સ્વૈચ્છિક રાષ્ટ્ર સેવા''નો વિચાર મુક્યો હતો. આ વિચારને ચકાસી-તપાસીને બોર્ડ દ્વારા પ્રથમ પંચવર્ષીય યોજના દરમ્યાન તેની ભલામણ કરવામાં આવી હતી. આ પછી વર્ષ ૧૯૬૯ માં વિશ્વ વિદ્યાલયો અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓની મળેલી કોન્ફરન્સમાં ''રાષ્ટ્રીય સેવા યોજનાનું ગઠન કરવામાં આવ્યું જેને શિક્ષણ મંત્રાલય તથા યુજીસી દ્વારા સ્વીકારવામાં આવતા તા. ૨૪મી સપ્ટેમ્બર ૧૯૬૯ના દિવસે તત્કાલિન કેન્દ્રિય શિક્ષણમંત્રી વિ.કે.આર.વી. રાવના હસ્તે લોન્ચ કરવામાં આવી હતી અને ત્યારથી આ દિવસને દર વર્ષે ''રાષ્ટ્રીય સેવા યોજના દિવસ'' એટલે કે ''એનએનએસ ડે'' તરીકે ઉજવવામાં આવે છે.

''રાષ્ટ્રીય સેવા યોજના'' એટલે કે ''નેશનલ સર્વિસ સ્કીમ''નો મુદ્રાલેખ ''નોટ મી બટ યુ'' એટલે કે ''હું નહીં પરંતુ તમે'' રાખવામાં આવ્યો છે અને એનએસએસનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને સ્વૈચ્છિક સેવા કાર્યો માટે પ્રોત્સાહિત કરી તેમના થકી પૂર્વગ્રહ રહિત સમાજ સેવા કરવી જેના થકી સામાજિક સમાનતાની દિશામાં કાર્ય થાય અને છેવાડાના માનવીનું જીવન સ્તર સુધરી શકે તેવો છે. એનએસએસનો લોગો કોર્ણાકના સુપ્રસિદ્ધ સૂર્યમંદિર કોતરાયેલા રથના પૈડા પરથી પ્રેરિત થઈને બનાવાયો છે. ગાંધીનગરમાં વિવિધ કોલેજો દ્વારા એનએસએસની પ્રવૃત્તિ ખૂબ જ ઉત્સાહપૂર્વક ચાલી રહી છે. આ પ્રસંગે એનએસએસના સેવાકાર્યોમાં જોડાયેલા એનએસએસ અધિકારીઓ તથા વિદ્યાર્થીઓના અનુભવો અત્રે પ્રસ્તુત છે.

''એનએસએસ એ સમાજ સેવા થકી વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો વિકાસ કરવા માટેની એક મહત્વની પ્રવૃત્તિ છે. મને આ પ્રવૃત્તિ થકી વિદ્યાર્થીઓનું યોગ્ય અને સાચી દિશામાં ઘડતર કરવાની તક પ્રાપ્ત થઈ છે જે મારૂ સદભાગ્ય છે. યુવાનોને જો સાચી દિશામાં વળવાની તક અને માહોલ આપવામાં આવે તો તેઓ રાષ્ટ્રહિતમાં ખૂબ યોગદાન આપી શકે છે તે એનએસએસે સાબિત કર્યું છે.''

- ડો. રણછોડ રથવી
રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા, પ્રોગ્રામ ઓફિસર, એ.એ.પટેલ કોમર્સ કોલેજ

●●●

''રાષ્ટ્રીય સેવા યોજના એક શ્રેષ્ઠ માધ્યમ છે જે વિદ્યાર્થીઓમાં પડેલી સુષુપ્ત શક્તિઓને સમાજ નિર્માણ અને નિઃસ્વાર્થ સમાજસેવા દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકોની મદદ કરી તેમને મુખ્ય ધારામાં જોડવાનું કાર્ય કરે છે. સાદરાના ગૂજરાત વિદ્યાપીઠના શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાના મારા યુનિટે ઈતિહાસમાં પહેલીવાર નેપાળમાં આવેલા ભૂકંપમાં શ્રેષ્ઠ રાહત કાર્ય કર્યુ હતુ જેને નેપાળના પ્રધાનમંત્રી ઉપરાંત ભારત સરકાર દ્વારા પણ બિરદાવવામાં આવ્યું હતું.''

- ડો. નિરજ સિલાવત
રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા, પ્રોગ્રામ ઓફિસર, સાદરા

●●●

''એનએસએસનું ધ્યેય ''નોટ મી બટ યુ'' લોકશાહી જીવનના સારને પ્રતિબિંબિત કરે છે અને નિઃસ્વાર્થ સેવાને સમર્થન આપે છે. એનએસએસ સાથે સંકળાયેલ વિદ્યાર્થીઓમાં સમાજ માટે સારૂ કામ કરવાની લાગણી ઉદ્ભવે છે જે જીવનપર્યંત રહે છે.''

- ડો. એન.ડી. પટેલ
પ્રોગ્રામ ઓફિસર, સરકારી ઈજનેરી કોલેજ

●●●

''કોલેજના યુવાન વિદ્યાર્થીઓ સામાજિક ઉત્તરદાયિત્વના પાઠો સરળતાથી એનએસએસના માધ્યમથી શીખી શકે છે. અભ્યાસની સાથે આ પ્રવૃત્તિમાં ભાગ લેવાથી વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય છે. 'નોટ મી બટ યુ' આ પ્રકૃતિનો મુદ્રાલેખ છે જેના થકી વિદ્યાર્થીમાં સેવાભાવના કેળવાય છે.''

- ડો. નિતેન્દ્ર પટેલ
પ્રોગ્રામ ઓફિસર, સમર્પણ આર્ટસ કોલેજ

●●●

રાષ્ટ્રીય સેવા યોજના થકી કોલેજમાં અભ્યાસ કરતો એનએસએસ સ્વયંસેવક તેના અભ્યાસ સાથે સમાજ અને રાષ્ટ્ર નિર્માણની વિવિધ પ્રવૃત્તિઓ ખૂબ જ ઉત્સાહપૂર્વક કરતો હોય છે. એનએસએસના માધ્યમ થકી સ્વચ્છતા, વ્યસન મુકિત, શૌચાલય બાંધકામ, રકતદાન શિબિર, મોક પાર્લામેન્ટ ઉપરાંત સરકારી યોજનાઓ વિષે માર્ગદર્શન સાથે સાત દિવસની શિબિરમાં ગ્રામ્યકક્ષાએ અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા સ્વામી વિવેકાનંદના વિચારને પ્રસરાવે છે.

- ડો. ઉમેશ તરપદા
પ્રોગ્રામ ઓફિસર, સરકારી વિજ્ઞાન કોલેજ

●●●

એનએસએસ એટલે સેવાનું કાર્ય. પોતાના સમાજને સુધારવાના સ્વાર્થ સાથે કરાતું કાર્ય. છેલ્લા ત્રણ વર્ષથી આ સેવાનો અનુભવ કરી રહી છું. અનેક શિબિરોમાં શાળાના બાળકો સાથે વિતાવેલો સમય, તેમને શિખવેલું અને તેમની પાસેથી શિખેલું બહુ આનંદમય છે.

મને કોલેજ તરફથી 'શ્રેષ્ઠ એનએસએસ સ્વયંસેવક'નું સન્માન પણ પ્રાપ્ત થયું છે. મને હંમેશા એનએસએસ સ્વયંસેવક બની રહેવું ગમશે.

- નિશા જાની
એનએસએસ સ્વયંસેવક, સમર્પણ આર્ટસ કોલેજ

●●●

એનએસએસના માધ્યમથી આજના યુવાનોને જીવન ઘડતરની પ્રેરણા મળી છે તેમજ એક તક મળી છે જેના માધ્યથી રાષ્ટ્રના તેમજ પોતાના જીવન ઘડતરમાં સિંહફાળો ભજવી શકે.

અમે અમારી પ્રવૃત્તિના કારણે અનેક નાગરિકો ટ્રાફિકના નિયમોનું પાલન કરતા થયા, વ્યસન મુકત થયા, ધાર્મિક અને પર્યટન સ્થળોએ વૃક્ષો વવાયા, કુદરતી આફતોમાં મદદ કરાઈ, કલા સંસ્કૃતિના કાર્યો કરાયા. જેના થકી યુવનોને શારીરિક, માનસિક અને શૈક્ષણિક લાભો મળ્યા છે.

- જૈમિન
એનએસએસ સ્વયંસેવક, એ.એ. પટેલ કોમર્સ કોલેજ

●●●

સમાજ સેવા થકી આપણે જરૂરિયાતમંદોને મદદ કરવા સાથે રાષ્ટ્ર સેવામાં યોગદાન આપીએ છીએ. એનએસએસ છેલ્લા ૫૦ વર્ષોથી દેશની સેવામાં અડીખમ ઉભું છે.

કયારેક સ્વયંસેવકો પાસે પુરતો સમય ના હોય પરંતુ નિઃસ્વાર્થ ભાવે સેવા કરવાની તાલાવેલી અચૂક હોય છે જે ખૂબ મહત્વની છે. મને એનએસએસ સ્વયંસેવક હોવાનો ગર્વ છે.

- દેવમ ત્રિવેદી
એનએસએસ સ્વયંસેવક, સરકારી ઈજનેરી કોલેજ

●●●

એનએસએસમાં જોડાયા પછી મને અનુભવ થયો કે મને પહેલા જે નાના-મોટા કામ કરવામાં શરમ-સંકોચ અનુભવાતી હતી તે દુર થઈ ગઈ. આ પ્રવૃત્તિમાં દરેકને માન આપવામાં આવે છે. એનએસએસ એ લોકસેવાનું માધ્યમ છે.

આ પ્રવૃત્તિ થકી મને મારું બળપણ પણ મળ્યું અને સાચું માર્ગદર્શન પણ મળ્યું છે. અમારા જેવા સ્વયંસેવકોમાં સમાજ માટે સારૂ કામ કરવાની લાગણી ઉદ્ભવે છે જે જીવનપર્યંત રહે છે.''જેના થકી યુવનોને શારીરિક, માનસિક અને શૈક્ષણિક લાભો મળ્યા છે.

- ધવલ જાની
એનએસએસ સ્વયંસેવક, સમર્પણ આર્ટસ કોલેજ

ગાંધીનગરમાં છેલ્લા ઘણા સમયથી પાઈપલાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી દરમિયાન સ્ટ્રીટલીટના ઘણા થાંભળા ઉખેડી નાંખવામાં આવ્યા છે. કામ પૂર્ણ થયા બાદ પણ થાંભલાઓ નાંખવામાં ન આવતા ઘણા વિસ્તારોમાં અંધારપટ છવાયેલ છે. સંત રોહિદાસ મંદિરની સામે સેક્ટર-૬માંથી સેક્ટર-૫માં જવાના માર્ગે સાવ અંધારું જોવા મળે છે. વાહનચાલકો અને રાહદારીઓને ખૂબ જ હાલાકી ભોગવવી પડી રહી છે.

અતિવૃષ્ટિથી નુકસાનગ્રસ્ત ખેડૂતનો એક પણ દીકરો સહાયથી વંચિત ન રહે એ માટે સરકાર સંકલ્પબદ્ધ

કુદરતી આપદા વખતે ખેડૂતોનું બાવડું પકડીને જુસ્સો વધારવાનું કામ અમારી સરકારે કર્યું છે

ગાંધીનગર, તા. ૨૩

કૃષિમંત્રી આર.સી. ફળદુએ જણાવ્યું છે કે ખેડૂતોના હિતને વરેલી અમારી સરકારે અતિવૃષ્ટિથી નુકસાનગ્રસ્ત ખેડૂતોનો એક પણ દીકરો સહાયથી વંચિત ન રહી જાય એ માટે સંકલ્પ કર્યો છે. કુદરતી આપદા વખતે ખેડૂતોનું બાવડું પકડીને જુસ્સો વધારવાનું કામ રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વવાળી સંવેદનશીલ સરકારે કર્યું છે.

આજે વિધાનસભા ખાતે સુરેન્દ્રનગર જિલ્લામાં પાક નૂકશાનીના સરવેની કામગીરી અંગેના ટૂંકી મુદતના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રી ફળદુએ ઉમેર્યું કે રાજયમાં ચાલુ વર્ષે વરસેલા ભારે વરસાદને કારણે થયેલ ખેડૂતોના પાકને થયેલ નુકસાન સંદર્ભે સહાય થવા માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રૂ.૩૭૦૦ કરોડનુ ઐતિહાસિક પેકેજ જાહેર કર્યું છે. આ પેકેજ હેઠળ રાજ્યના ૨૦ જિલ્લાના ૧૨૩ તાલુકાઓને આવરી લેવામાં આવ્યા છે. જે ખેડૂતને ૩૩ ટકાથી વધુ નુકસાન થયું હશે તેવા ખેડૂતોને આ સહાય ચૂકવાશે. જેમાં પિયત વિસ્તારના ખેડૂતોને હેકટરદીઠ રૂ.૧૩,૫૦૦ની સહાય બે હેકટરની મર્યાદામાં, એ જ રીતે ખરીફ સિઝનમાં બિનપિયતથી ખેતી થતી હોય તેવા સંજોગોમાં હેકટરદીઠ રૂ.૬,૮૦૦ SPRFના અને રૂ.૩,૨૦૦ રાજ્ય સરકારના ફંડમાંથી મળી કુલ ૧૦ હજારની પ્રતિહેકટરની સહાય બે હેકટરની મર્યાદમાં ચૂકવાશે. આગામી ૧લી ઓકટોબરથી ખેડૂતોને આ માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજીની ચકાસણી બાદ મળવાપાત્ર તમામ ખેડૂતોને DBT દ્વારા તેમના ખાતામાં સીધા જમા કરાવવામાં આવશે.

ખૂણેખાંચરેથી

- રાજ્ય સરકારના સનદી અધિકારી જે.ડી. દેસાઈએ ૩૦-૯-૨૦૨૦થી અમલી બને તે રીતે સ્વૈચ્છીક નિવૃત્તિનો લીધો છે.
- પ્રજાશક્તિ પાર્ટીના સુપ્રીમો શંકરસિંહ વાઘેલાએ આજે વિધાનસભાની પેટા ચૂંટણીઓ તથા સ્થાનિક સ્વરાજયની ચૂંટણી લડવાની જાહેરાત કરતાં રાજકીય વર્તુળોમાં ઉત્તેજનાઓ જોવા મળી રહી છે.
- ગુજરાત વિધાનસભામાં આજે બપોરના સમયે લીફટ ખોટકાઈ જતાં તાત્કાલિક દુરસ્તીનું કામકાજ હાથ ધરાયુ હતુ સદનસીબે કોઈ ફસાયુ ન હતુ.
- ગાંધીનગર જિલ્લામાં આજે સવાર સુધીમાં ૧૧૭ ટકા સિઝનનો વરસાદ નોંધાયો છે.
- ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૯૩ દિવ્યાંગોને સરકારના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા ટ્રાયસીકલો આપવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૫૮ જેટલા પશુચોરીના ગુનાઓ નોંધાયા છે.

પ્રતાપપુરા ગામે આજે મિયાવાકી વન યોજનાનો પ્રારંભ થશે

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પ્રતાપપુરા (બાલવા) ગામે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાન પેયજળ માટે નવિન બોરનું લોકાર્પણ કરશે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય જયેશભાઈ ચૌધરી પણ ખાસ ઉપસ્થિત રહેશે. પ્રતાપપુરા ગામે સઘન વનીકરણ માટે મિયાવાકી જંગલ યોજનાનો પ્રારંભ પણ આ નેતાઓની ઉપસ્થિતિમાં કરાશે.

જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી સભ્યોને મળતી વિસ્તાર વિકાસ ગ્રાન્ટમાંથી આ નવિન બોર બનાવવામાં આવ્યો છે. મિયાવાકી વનીકરણ યોજના અંતર્ગત અહિ એક હજારથી પણ વધુ વૃક્ષોનું વાવેતર થશે. આ ઉભા થનાર વનનું નામ 'અટલ વન' નક્કી કરાયુ હોવાનું પંચાયતના સભ્ય જયેશભાઈ ચૌધરીએ જણાવ્યુ છે.

સોશિયલ ડિસ્ટન્સીંગની સૂચનાઓના પાલન સાથે આ કાર્યક્રમ માત્રને માત્ર ગ્રામીણ આગેવાનોની ઉપસ્થિતિમાં થશે તેમ પણ તેમણે જણાવ્યુ હતુ.

માઈકલ ફેરાડેની જન્મજયંતી નિમિત્તે સાયન્સ સિટી ખાતે વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત સાયન્સ સિટી,અમદાવાદ દ્વારા મંગળવારના રોજ માઈકલ ફેરાડેની જન્મ જયંતી નિમિત્તે વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૨ સપ્ટેમ્બર, ૧૭૯૧ ના રોજ ઈલેક્ટ્રોમેગ્નેટિઝમ અને ઈલેક્ટ્રોકેમિસ્ટ્રીના સંશોધનમાં ફાળો આપનારા વૈજ્ઞાનિક માઈકલ ફેરાડેનો જન્મ નીચી આવક વાળા લુહાર પરિવારમાં થયો હતો.

સરદાર પટેલ યુનિવર્સિટી આણંદના ભૌતિકશાસ્ત્રના નિવૃત્ત અધ્યાપક ડો. કે. એન. જોશીપુરાએ માઈકલ ફેરાડેના જીવનની વાત કરતા વિજ્ઞાનમાં તેમણે કેટલો મહત્વનો ફાળો આપ્યો છે તે જણાવ્યું હતું. ડો.જોશીપુરાએ દૈનિક જીવનમાં તેમની શોધના મહત્વ વિશે વિગતો આપી. તેમણે લાઈવ ઈન્ટરેક્ટિવ વેબિનારમાં વિવિધ શોધ અને પ્રયોગો પણ સમજાવ્યા હતા. માઈકલ ફેરાડે માત્ર એક મહાન વૈજ્ઞાનિક જ નહીં, પરંતુ તે એક શ્રેષ્ઠ વિજ્ઞાન કમ્યુનિકેટર હતા. તેમની શિક્ષણની તકનીકીઓએ તેને અલગ સ્થાન આપ્યું હતું.

વેબિનારના અંતમાં ડો. જોશીપુરાએ લાઈવ સોશિયલ મીડિયા પ્રેક્ષકોના પ્રશ્નોના જવાબો આપ્યા હતા. અને તેમણે જણાવ્યું હતું કે માઈકલ ફેરાડેની શોધ અને યોગદાન વિના જીવન અકલ્પનીય છે.

ફિરોજપુર અને મગોડી લાટ (નાંદોલ)ને જોડતા કાચા રસ્તાને પાકા ડામર રોડનું કામકાજ પુરજોશમાં

ધારાસભ્ય શંભુજી ઠાકોર દ્વારા ખાત મુહૂર્ત કરાયુ : ગ્રામજનોમાં રાહત

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તાર ગણાતા મુખ્યત્વે ચિલોડા-ડભોડા-મગોડી-ઈસનપુર મોટા ગ્રામ્ય વિસ્તારોમાં વર્ષો જૂના કાચા નાળિયા-રસ્તા-ગ્રામ અને ખેતી સીમને જોડતા માર્ગો ગ્રામજનો-ખેડૂતો-પશુપાલકો માટે હવે ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય અને પૂર્વ ઉપાધ્યક્ષ દ્વારા સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોની લાગણી અને માંગણીને વિશેષ ધ્યાનમાં લઈ રાજ્ય સરકારમાં વિશેષ રજૂઆત દ્વારા પાકા રસ્તા બનાવવાની કામગીરી અને ખાત મુહૂર્તથી આગેવાનોની ઉપસ્થિતિમાં વેગવંત પ્રક્રિયા હાથ ધરાઈ છે. જેમાં ડભોડા નજીક આવેલ ફિરોજપુર-ભરવાડ વાસને જોડતા કાચા નાળિયાને પાકા રસ્તાનું કામનું ખાત મુહૂર્ત ધારાસભ્ય શંભુજી ઠાકોરના હસ્તે કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય અને મુરબ્બી લલિતસિંહ ઠાકોર, તાલુકા ભાજપના મહામંત્રી અને ફીરોજપુર ગામના સરપંચ રવજીજી જાદવ, યુવા મોરચાના અગ્રણી સુરેશજી જાદવ, રોનક પટેલ અને ભાજપના સૌ કાર્યકર મિત્રો ઉપસ્થિત રહ્યા છે.

મગોડીથી મગોડી લાટ (નાંદોલ)ને જોડતા રોડનું તાજેતરમાં ધારાસભ્ય શંભુજી ઠાકોર દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેમાં મગોડી સરપંચ કેશાજી ઠાકોર, પૂર્વ સરપંચ ગોવિંદભાઈ પટેલ, પંકજભાઈ પટેલ, વૃંદાવન હોટલ-ચિલોડા અમરતભાઈ પટેલ, નવનીતભાઈ પટેલ, કિશોરભાઈ પટેલ, હંસરાજભાઈ પટેલ તથા ગ્રામ આગેવાનો-કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

હક્ક ચોકસી અધિકારી, ગાંધીનગરની કચેરીમાં ફરજ બજાવતા એક કર્મચારીને કોરોના પોઝીટીવ આવતા એક દિવસ માટે કચેરીને બંધ કરવામાં આવી હતી. આ કચેરીના અનેક અરજદારો આવતા હોય છે તેમને ધક્કો થયો હતો. આ બાબતે ટીવીના માધ્યમથી કે સોશીયલ મીડિયાના માધ્યમથી જાણ કરવી જોઈએ એવી અરજદારોએ રજૂઆત કરી હતી.

ટપોરીઓની શાન ઠેકાણે લાવવા નવા વિધેયકમાં જોગવાઈઓ

ગાંધીનગર,તા.૨૩

ગૃહરાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે ગુજરાતમાં શાંતિ, સલામતિ અને સુલેહ જાળવી નાગરિકોને સુરક્ષા પુરી પાડવી એ અમારી નૈતિક ફરજ છે. ત્યારે સમાજને છીન્નભીન્ન કરતા અને નિર્દોષ નાગરિકોને રંજાડતા ગુંડાઓ અને અસામાજીક તત્વોની પ્રવૃત્તિઓ ડામવા માટે રાજ્ય સરકાર કટીબધ્ધ છે. ગૃહરાજ્ય મંત્રી જાડેજાએ ગુજરાત વિધાનસભા ખાતે ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત સુધારા વિધેયક રજૂ કરતા કહ્યુ કે, ગુજરાતે તમામ ક્ષેત્રમાં વિકાસ કર્યો છે અને બીજા રાજ્યો અનુકરણ કરે એ માટે એક આદર્શ રાજ્ય તરીકે ઉદ્દભવ્યું છે. કાયદો અને વ્યવસ્થાની સુચારૂ પરિસ્થિતિ જળવાઈ રહે અને ગુંડાના કૃત્યો જાહેર વ્યવસ્થાને ખલેલ ન પહોંચાડી શકે જેથી ગુજરાત સરકારના વિકાસ પ્રયત્નોમાં ક્યારેય અવરોધ ઉભો ન થાય તે માટે હિંસા, ધમકી અને બળજબરી આચરીને કાયદાનું પાલન કરનાર નાગરીકોનું શોષણ કરતા ગુંડા તત્વોની અસામાજિક પ્રવૃતિઓને રોકવા માટે વૈધાનિક પગલું લેવાની ખાસ જરૂર હતી એટલે આ વિધેયક લાવવામા આવ્યુ છે. ગાંધીના ગુજરાતમાં રાજયની સાડા છ કરોડ જનતા રાજયમાં પોતાને વધુ સુરક્ષિત અને સલામત મહેસૂસ કરી શકે એ હેતુથી રાજ્યના મુખ્યમંત્રી વિજય રુપાણીએ દેશના અન્ય કાયદાઓનો અભ્યાસ કરીને ગુજરાતમાં પણ આવો કાયદો અમલી બનાવવા વિચાર રજૂ કર્યો હતો. આ કાયદો સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરતા ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ઉમેર્યુ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગૌરવવંતા નેતૃત્વ હેઠળ ગુજરાતની શાંતિ, સમૃધ્ધિ અને સલામતીનો જે વારસો આપણને સહુને પ્રાપ્ત થયો છે તેને જાળવી રાખી, ગરવી ગુજરાતની ભૂમિ ઉપર સાડા છ કરોડ ગુજરાતીઓની સામાજિક સમરસતા ક્યારેય ન ડહોળાય અને લોકો ભયમુક્ત રહે તથા ગુંડા ટપોરીઓની શાન ઠેકાણે લાવવી એ આ કાયદો લાવવાનો ઉમદા હેતુ છે. ગુંડાઓના કારણે ગુજરાતનુ નામ બદનામ થાય એ અમારી સરકાર હરગીઝ ચલાવી લેવા માંગતી નથી. મંત્રીએ વધુમાં ઉમેર્યુ કે મુખ્યમંત્રી વિજય રુપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાત શાંત, સલામત અને સમૃધ્ધ બની રહે, કોઈ ગુંડા તત્વો ગુજરાત સામે આંખ ઉંચી ન કરે, કે ગુજરાતની વિકાસયાત્રાને રુંધે કે રોકે નહિ તેવા આશય સાથે અમારી સરકાર આ વિધેયક લાવી છે.